ડીપી/સહ/વહટ/ /૨૦૧૪
જિલ્લા પંચાયત કચેરી
સહકાર શાખા,ભાવનગર
તા. / /૨૦૧૪

પ્રતિશ્રી,
નાયબ જિલ્લા વિકાસ અધિકારી સાહેબ,
મહેસુલ શાખા,

વિષયઃ–માહિતી અધિકાર અધિનિયમ ની કલમ–૪ અન્વયે પ્રોએકટીવ ડીસ્કલોજર તા.૧/૫/૨૦૧૪ ની સ્થિતીએ અઘતન કરી પ્રમાણપત્ર આપવા બાબત.

સંદર્ભઃ–આપ સાહેબ ના પત્ર ક્રમાંકઃડીપી/રેવ/એડીએમ/વશી/ RTI /ઈમેલ/૧૪ તા.૧૭/૦૫/૨૦૧૪

સવિનય,

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભ ના પત્ર અનુસાર માહિતી અધિકાર અધિનિયમ ની કલમ–૪ અન્વયે પ્રોએકટીવ ડીસ્કલોજર તા.૧/૫/૨૦૧૩ ની સ્થિતીએ અઘતન કરી એનેક્ષર–એ મુજબ પ્રમાણપત્ર આપી સી.ડી. તૈયાર કરી આ સાથે સી.ડી. તથા હાર્ડકોપી સામેલ રાખી મોકલવામાં આવે છે. જે આપ સા.ને વિદિત થવા વિનંતી.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
જિલ્લા પંચાયત, ભાવનગર

**બિડાણઃ–**
સી.ડી. તથા હાર્ડકોપી

ડીપી/સહ/વહટ/ /૨૦૧૪
જિલ્લા પંચાયત કચેરી
સહકાર શાખા,ભાવનગર
તા. / /૨૦૧૪

પ્રતિશ્રી,
સંયુકત રજિસ્ટ્રાર સાહેબ,(વહિવટ)
રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ,
બ્લોક નં.૧૦/૧,જુના સચિવાલય
ગાંધીનગર

વિષયઃ–માહિતી અધિકાર અધિનિયમ ની કલમ–૪ અન્વયે પ્રોએકટીવ ડીસ્કલોજર તા.૧/૫/૨૦૧૩ ની સ્થિતીએ અઘતન કરી પ્રમાણપત્ર આપવા બાબત.
સંદર્ભઃ–આપ સા.ના પત્ર નં.વહટ/આરટીઆઈ/૦૧/ક/૪૪૫/૨૦૧૪ તા.૧૨/૫/૧૪

સવિનય,

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભ ના પત્ર અનુસાર માહિતી અધિકાર અધિનિયમ ની કલમ–૪ અન્વયે પ્રોએકટીવ ડીસ્કલોજર તા.૧/૫/૨૦૧૩ ની સ્થિતીએ અઘતન કરી એનેક્ષર–એ મુજબ પ્રમાણપત્ર આપી આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે. જે આપ સા.ને વિદિત થવા વિનંતી.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
જિલ્લા પંચાયત, ભાવનગર

**બિડાણઃ–**
પ્રોએકટીવ ડીસ્કલોજર તથા પ્રમાણપત્ર

## સહકાર શાખા – જિલ્લા પંચાયત ભાવનગર
## રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ અંગે રજુ કરવાની વિગતો મુદ્દા નં. ૧ થી ૧૭

# મુદ્દા નં.૧

વ્યવસ્થા તંત્ર – કાર્યો અને ફરજો

જાહેર તંત્ર – ઉદ્દેશ/હેતુ

| | | |
|---|---|---|
| કચેરી | :– | સહકાર શાખા જિલ્લા પંચાયત ભાવનગર |
| શાખા ના વડા | :– | મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (પંચાયત)<br>સહકારી મંડળી જિલ્લા પંચાયત ભાવનગર |
| કચેરી ના વડા | :– | શ્રી જિલ્લા વિકાસ અધિકારી ( વર્ગ– ૧ )<br>(આઈ.એ.એસ.) |
| સરનામુ. | :– | જિલ્લા પંચાયત ભાવનગર |
| ટેલીફોન નંબર | :– | કચેરી નો ૦૨૭૮– ૨૪૩૯૯૫૧ થી ૫૮ એકસ ૧૫૯ |

સહકારી શાખા દવારા ગ્રામ્ય કક્ષાએ સહકારી કાયદા ની કલમ ૯ અન્વયે સહકારી મંડળી ઓ ની નવી નોંધણી કરવાની તથા સહકારી કાયદા ની કલમ ૧૩ અન્વયે પેટાનિયમ સુધારા કરવાની કામગીરી કરવામા આવે છે તેમજ તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી સહકાર ની કામગીરી ની દેખરેખ રાખવામા આવે છે.

## વ્યવસ્થા તંત્ર નુ માળખુ

**મદદનિશ જિલ્લા રજિસ્ટ્રાર   સ.મ. જિ.પં. ભાવનગર**

| સીનીયર કલાર્ક | જુનિયર કલાર્ક | પટાવાળા |
| --- | --- | --- |
| ૧ | ૨ | ૧ |

# The right of information act – 2005

**પ્રકરણ : ૨**

**નિયમ સંગ્રહ : ૧**

સંગઠન ની વિગતો / કાર્યો / ફરજો

**૨ (૧) જાહેર તંત્ર નો ઉદ્દેશ અને હેતુ**

(૧) ખેડૂતો પર વધતુ જતુ કરજ ભારણ સહકારી મંડળી ઓ ના માધ્યમ દવારા ઓછુ કરવુ

(૨) ખેડૂતો ને ઓછા વ્યાજ ના દરે પોષાય તેવી હળવી શરતો એ નવુ ધિરાણ આપવુઅને ખેતીના ઉત્પાદન ના પાકો નુ વ્યાજબી વળતર મળે અને સંગ્રહ ની સુવિધા પુરી પાડવી

(૩) ગ્રામ્ય કક્ષાએ ખેડૂત સિવાય ના કારીગરો ,ખેતમજુરો ને ઉંચા વ્યાજ ની ચુંગાલ માંથી બચાવવા વ્યાજબી દરે ધિરાણ ની સવલત પુરી પાડવી. અને રોજગારી ની તકો પુરી પાડવી.

(૪) શહેરી વિસ્તાર મા નાના અને મધ્યમ વર્ગ ના માણસો ને પોતાના ધંધા રોજગાર ના વિકાસ માટે તથા સામાજીક જવાબદારીઓ વહન કરવા આર્થિક જરુરીયાત સંતોષવી

(૫) ખેડૂતો ને તેઓના ઉત્પાદન ના વ્યાજબી ભાવ મળે તથા ખેડૂતો અને ગ્રહકો નુ શોષણ થતુ અટકે તે પ્રમાણે બજાર વ્યવસ્થા વિકસાવવી.

**૨(૨) જાહેર મિશન દુરંદેશી પણ (વિઝન)**

સહકારી પ્રવૃતિ નો વ્યાપ વધારી ને સહકારી પ્રવૃતિ માં સમાજ ના વધુ ને વધુ લોકો ને આવરી લઈ ને સહકારી પ્રવૃતિ ના માધ્યમ દવારા મહત્તમ લાભો પુરા પાડી લોકોનુ સામાજીક તથા આર્થિક ઉત્થાન કરવુ.અને લોકો પોતાની પ્રવૃતિ મા સ્વાવલંબી અને સ્વાયત બને તે દિશા મા પ્રયત્નો કરી દેશ ના આર્થિક અને સામાજીક વિકાસ ને વેગ પુરો પાડવામા માધ્યમ બની શોષણ વિહીન સમાજ રચના બનાવવા જરુરી તમામ યોગદાન પુરુ પાડવુ.

**૨(૩) જાહેર તંત્રનો ટૂંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ**

ભારત મા સહકારી પ્રવૃતિ શરુ કરવા પાછળ ખેડૂતો ઉપર થઈ રહેલો અસહય કરજ ભારણ નો પ્રશ્ન હતો તેમજ સમાજનો આમ આદમી વ્યાજખોરો ના શોષણ માંથી મુકત કરવાનો હતો આ કરજભારણ નો પ્રશ્ન નીચેના બે મુદ્દાઓ મા વહેચાયેલો હતો.

(૧) ખેડૂતો ઉપર વધતુ જતુ કરજ ભારણ ઓછુ કરવુ.

(૨) ખેડૂતો ને ઓછા વ્યાજ ના દરે અને તેઓને પોષય તેવી હળવી શરતો એ નવુ ધિરાણ આપવુ.

ભારત સરકાર નુ ધ્યાન આ પ્રશ્ન ઉપર છેક ૧૮૭૦ ની સાલ થી દોરાયેલ હતુ. પ્રાંતિક સરકારો મા મુંબઈ રાજય ની પ્રાંતિક સરકાર નો આ પ્રશ્ન ની અગત્યતા સૌથી પહેલ વહેલી સમજાઈ હતી. જે થી તેણે આ પ્રશ્ન હલ કરવા માટે ઈ.સ. ૧૮૮૩ થી કાર્યવાહી શરુ કરેલ અને વખતો વખત જરુરી અભ્યાસ અને અનુભવો ના આધારે સને ૧૯૦૪ તથા સને ૧૯૧૨ અને ૧૯૨૫ મા તેમા અનુભવ ના આધારે જરુરી ફેરફારો કરી અમલવારી અંગે નવા વિકલ્પો શોધી સહકારી પ્રવૃતિનો વ્યાપ ઉતરોતર વધારવામા આવ્યો. ત્યારબાદ ના થોડા સમય ગાળામા ભારતની આઝાદી ની ચળવળ થી પૂ. મહાત્મા ગાંધી ના નેતૃત્વ હેઠળ વેગવંતી બનવાના કારણે અંગ્રેજ સરકાર ને અમલીકરણ કરવામા વિશેષ ધ્યાન રહેવા પામેલ નથી. અને તે સમયગાળા દરમ્યાન બીજા વિશ્વયુધ્ધ મા વિશ્વ લપેટાઈ ગયુ જેથી સહકારી પ્રવૃતિ મા જોઈએ તેટલો વિકાસ થવા પામેલ નહી. ત્યાર બાદ ૧૯૪૭ ની ૧૫ મી ઓગષ્ટે ભારત દેશ અંગ્રેજોની હકુમત માંથી આઝાદ થયો અને ૧૯૫૦ મા ભારત નુ બંધારણ અમલ મા આવ્યુ.અને બંધારણ ના મુળભૂત સિધ્ધાંતો મા અને અનુસુચિ મા સહકારી પ્રવૃતિ ના માધ્યમ દવારા જ સમાજ અને રાષ્ટ્ર નો વિકાસ સારી રીતે થઈ શકેતેમ છે. તેવુ સ્વીકારવામા આવ્યુ. સમાજવાદ ના ધ્યેય સાથેની ભારતની લોકશાહી સરકારોએ સહકારી પ્રવૃતિ ના માધ્યમ નો સ્વીકાર કર્યો અને તેના મહતમ અમલ માટેના પુરતા પ્રયત્નો હાથ ધર્યા.ત્યાર બાદ મુંબઈ પ્રાંત માંથી તા. ૧/૫/૧૯૬૦ ના રોજ અલગ ગુજરાત રાજય ની સ્થાપના થતા તે સમયે રચનાત્મક આર્થિક સંઘબળ કે જેને સહકાર તરીકે ઓળખવામા આવેછે. તે દવારા અર્થાત સહકાર કે જે મુડીવાદ ની પ્રતિક્રિયા છે. અને મુડીને આવકારે છે. વ્યાપારી ના અન્યાઈ વર્તન ને ધિકારે છે.ઉત્પાદક અને વાપરનાર વર્ગ ને સાંધનાર માધ્યમ ને પ્રોત્સાહન માટે અને તેવા માધ્યમ ને તેની સેવા નો યોગ્ય બદલો મળે અને તેના સિધ્ધાંતો અમલ મા આવે કે જેથી સમાજ ના ત્રણ વિભાગ ઉત્પાદક,મધ્યસ્થ,અને વાપરનાર સર્વે મા નાંણાની યોગ્ય વહેંચણી થાય અને જનસમુદાય સુખી થાય તેવા શુભ હેતુને ધ્યાનમા લઈ ૧ મે ૧૯૬૨ થી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ સમગ્ર ગુજરાત રાજય મા અમલ મા મુકવામા આવેલ છે. અને આ ઉપરાંત ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩ મુંબઈ શાહુકાર અધિનિયમ ૧૯૪૬ તથા ગુજરાત ઓનરશલીપ ફલેટ એકટ ૧૯૭૩ ના અમલીકરણ ની કામગીરી સહકાર ખાતા દવારા અમલ કરવામા આવે છે.

## ૨(૪) જાહેર તંત્ર ની ફરજો

સહકાર ખાતા ની રચના અલગ રીતે કરવામા આવેલ છે.રાજય સરકાર દવાર સહકારી ખાતુ એક અલગ ડીપાર્ટમેન્ટ તરીકે કાર્યરત છે. જેમા ગુજરાત સરકાર શ્રી ના કૃષિ અને સહકાર વિભાગ ના સીધા નિયંત્રણ હેઠળ રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજય ગાંધીનગર કે જે સહકાર ખાતા ના વડાની કચેરી છે તેમના નિયંત્રણ હેઠળ ખાસ કામગીરી માટે અધિકૃત કરેલા જુદા જુદા અધિકારીઓ /કર્મચારીઓ જુદી જુદી કામગીરી સંભાળે છે. ગુજરાત રાજય ની સ્થાપના ૧૯૬૦ મા થયા બાદ સને ૧૯૬૨ મા પંચાયતી રાજ અમલ મા આવ્યુ.આ પંચાયત રાજ ની વ્યવસ્થા ના ભાગ તરીકે જિલ્લા પંચાયતો/તાલુકા પંચાયતો અસ્તિત્વમા આવી.તેની સાથે સાથે જિલ્લા પંચાયત મા સહકારી ખાતા ના વર્ગ ૨ ના અધિકારીને પંચાયત ને સહકાર ની પ્રવૃતિ માટેના નીચેની કલમોની કામગીરી કરવા માટેના પાવર્સ એનાયત થયેલ છે. સહકારી પ્રવૃતિ અંગેની કામગીરી કરવા માટે ગુજરાત મા પંચાયત રાજય ની સ્થાપના થયા બાદ સહકારી કાયદા અને નિયમો અન્વયે કાર્યો અને ફરજો બજાવવા માટેના ગુજરાત સહકારી અધિનિયમ સને ૧૯૬૨ ના અધિનિયમ ૧૦ મુજબ સહકારી કાયદા અન્વયે નામ. સરકાર શ્રી ના ખેતી અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગર ના જાહેરનામા ક્રમાંક કખ/ ૬૦ /ડીટીપી/૧૧૬૩/૪૩૯૦/ધા જી./તા. ૩૦/૭/૧૯૬૬ થી જિ.પં. ના કાર્યક્ષેત્ર હેઠળ ના પાવર્સ એનાયત થયેલ છે.

## ૨(૫) જાહેર ક્ષેત્ર ની મુખ્ય પ્રવૃતિઓ અને કાર્યો

ગુજરાત રાજય ના પંચાયત રાજય ની સ્થાપના થતા જિલ્લા પંચાયત ના કાર્યક્ષેત્ર મા તા. ૩૦/૭/૧૯૬૬ ના જાહેરનામા થી સહકારી કાયદા અને નિયમો ની જોગવાઈઓ ને આધિન નીચેના કાર્યો અને પ્રવૃતિ કરવામાટેની જોગવાઈ થયેલ છે. આ પ્રવૃતિ અને કાર્યોની ફરજો બજાવવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧ ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૧૭૨/૮૧/સીએસએ/૪૯૭૮/૪૨૨૯/ડી તા. ૩૧/૮/૧૯૮૧ થી (અગાઉ સુપ્રત થયેલ સતાઓ) રદ કરીને નવી જોગવાઈ અનુસાર જાહેરનામા થી કાર્યો અને ફરજો બજાવવા જાહેરનામા મા દર્શાવેલ કાર્યોઅને ફરજો બજાવવા પાવર્સ એનાયત થયેલ છે. ત્યાર બાદ તેમા જરુરી ફેરફાર સાથે નુ સતા સોંપણી નુ તા. ૧૭/૪/૨૦૦૪ ના જાહેરનામા ક્રમાંક /જીએચકેએચ/૧૬૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨૩૦૧૧/સીએચ થી સતા સોપણી ના જિલ્લા પંચાયત મા સહકાર ની ફરજો બજાવવાના પાવર્સ આપેલ છે.જે અન્વયે જિલ્લા પંચાયત ના કાર્યક્ષેત્ર હેઠળ સહકાર ની પ્રવૃતિ માટેના નીચે ના કાર્યો કરવાના રહેછે.

| અનુ. | સતા | ગજરાત સ.મ. અધિનિયમ ૧૯૬૧અને ૧૯૬૨ ના ૧૦ મા ની કઈ કલમ હેઠળ સતા વાપરી શકાય તે |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| **૧** | **સહકારી મંડળી ઓ નુ રજીસ્ટ્રેશન** | **કલમ ૯** |
| **૨** | **સહકારી મંડળીઓ ના રજીસ્ટરો રાખવા** | **કલમ ૧૦** |
| **૩** | **કેટલાક પ્રશ્નો ની નિર્ણય કરવાની રજીસ્ટ્રાર ને સતા** | **કલમ ૧૧** |
| **૪** | **સહકારી મંડળીઓ ના ઉપનિયમો નો સુધારો** | **કલમ ૧૩** |
| **૫** | **સહકારી મંડળી ઓ ના નામ મા ફેરફાર** | **કલમ ૧૫** |
| **૬** | **મંડળી ઓ નુ એકત્રીકરણ તબદીલ,વિભાજન અથવા રુપાંતર** | **કલમ ૧૭** |
| **૭** | **એકત્રીત કરેલી વિભાજન કરેલી અથવા રુપાંતર કરેલી મંડળીઓનુ રજીસ્ટ્રેશન રદ કરવા બાબત** | **કલમ ૧૮** |
| **૮** | **મંડળીઓ ની પુર્નરચના** | **કલમ ૧૯** |
| **૯** | **મંડળીઓ ની ભાગીદારી ની મંજુરી** | **કલમ ૨૧** |
| **૧૦** | **મંડળીઓના સભ્યો ને દાખલ નહી કરવા સામેની અપીલ** | **કલમ ૨૨–૨૪** |
| **૧૧** | **સહકારી મંડળીઓ ના ચોપડા કાગળો અને મિલ્કત ની કબજો તેમના** | |
| **૧૨** | **સેક્રેટરી અથવા અધ્યક્ષ ને સોપવા બાબત** | **કલમ ૭૫** |
| **૧૩** | **સહકારી મંડળીની વા.સા. સભા બોલાવવા બાબત અથવા** | |
| **૧૪** | **આવી સભા બોલાવવાની મુદત લંબાવવા બાબત** | **કલમ ૭૭** |
| **૧૫** | **સહકારી મંડળીઓ ની ખાસ સામાન્ય સભા બોલાવવા બાબત** | **કલમ ૭૮** |
| **૧૬** | **સહકારી મંડળીઓને આટોપી લેવામા આવે ત્યારે તેની વધારા ની અકસ્યામતો નો નિકાલ કરવા બાબત** | **કલમ ૧૧૫** |

**નોંધઃ– જિ.પં. ના** ક્ષેત્રાધિકાર હેઠળ ફકત ગ્રામ્ય કક્ષાની સ.મ.ઓ ની કામગીરી ના સંદર્ભ મા કામગીરી કરવાની રહેછે.

કલમ ૧ સહકારી મંડળીઓ ના રજીસ્ટ્રેશન અંગે કલમ ૯ ની જોગવાઈ ઓ મા પણ ગ્રામ્ય કક્ષાની નીચેની મંડળીઓ ના રજીસ્ટ્રેશન પાવર્સ જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સ.મ. શહેરી ને આપવામા આવે છે.

(૧) દુધ સહકારી મંડળીઓ (૨) મજુર સહકારી મંડળીઓ (૩) ડુંગળી ઉત્પાદક સહકારી મંડળીઓ(૪) તેલીબીયા ઉત્પા. સહકારી મંડળીઓ (૫) પ્રોસેસીંગ સહકારી મંડળીઓ જિ.પં. ને સુપ્રત થયેલ સતાઓ– જિ.પં. ની સામાન્યસભા –જિ.ઉ.સ.અને સિંચાઈ સમિતિને સુપ્રત કરે તે અનુસાર ની જોગવાઈ ઓ ને આધિન કાર્યોઅને ફરજો બજાવવાની રહેછે.આ ઉપરાંત તાલુકા કક્ષાએ આવેલ વિ.અધિ.સહકાર મારફતે સહકારી કાયદા ની કલમ ૭૪(ખ) ના નકિક થયેલ સહકારી મંડળીઓ મા અમલીકરણ ની કામગીરી તથા સહકારી મંડળી મા લોકો વધુ મા વધુ જોડાય તે માટેના સભાસદ વૃધ્ધિના લક્ષ્યાંકો /તેમજ ધિરાણ લેતા સભાસદ ની સંખ્યા મા વૃધ્ધિ થાય તે માટેના કાર્યો તેમજ સ.મ. ની વા.સા.સભા સમય મર્યાદા મા ભરાય તેની કામગીરી મુખ્યત્વે નકિક કરવામા આવેલ છે. તેમજ સહકારી પ્રવૃતિ ના વિકાસ ને વેગ મળે તે પ્રકાર ની પ્રવૃતિ કરવામા આવેછે.

**<u>૨(૬) જાહેર તંત્ર દવાર આપવામા આવતી સેવાઓ ની યાદી અને તેનુ સંક્ષિપ્ત વિવરણ</u>**

ગુ.સ. મ. અધિનિયમ ૧૯૬૧ હેઠળ સહકારી સંસ્થાઓ ની નોંધણી.તથા પે.નિ. સુધારા તેમજ સ.મ. ની વહીવટી દેખરેખ અને નિયંત્રણ મંડળીઓ ની વા.સા.સભાઓ નુ મોનીટરીંગ અને સહકારી પ્રવૃતિ ના વિકાસ ને લગતી કામગીરી ખાસ કરી ને સહકારી પ્રવૃતિ થી વંચિત ગામો એ સ.મ. ની રચના તેમજ વધુમા વધુ લોકો સહકારી પ્રવૃતિ મા જોડાય તેમજ ધિરાણ ની સવલતો મેળવે તેવો પ્રયત્ન.

**<u>૨(૭) જાહેર તંત્રના રાજય નિયામક કચેરી –પ્રદેશ–જિલ્લો–બ્લોક વિગેરે સ્તરો એ સંસ્થાગત માળખાનો આલેખ</u>**

જિલ્લા કક્ષા એ – ભાવનગર જિલ્લો

(૧) જિલ્લા કક્ષાએ સહકારી ક્ષેત્ર સબંધિત મુખ્ય કામગીરી સંભાળવા માટે જિલ્લા રજિસ્ટ્રાર સ.મ. ભાવનગર નિમાયેલ છે. જેઓએ ગુજરાત સ.મ. અધિનિયમ ૧૯૬૧ તથા ગુ.સ.મ. ના નિયમો ૧૯૬૫ અંર્તગત તા. ૧૭/૪/૦૪ ના જાહેરનામા થી પ્રાપ્ત થયેલ સતાઓ અનુસાર કામગીરી કરવાની રહેછે.

(૨) જયારે જિ.પં. ના ક્ષેત્ર મા માન. જિ.વિ.અધિ. સાહેબ ના સીધા નિયંત્રણ હેઠળ પંચાયત ક્ષેત્ર મા સુપ્રત થયેલ સહકાર ની કામગીરી અન્વયે કામગીરી કરવાની હોય છે. વર્ગ–૨ ની એક જગ્યા છે. (૨)વર્ગ–૩ નુ મહેકમ ૧ – સીનીયર કલાર્ક , ૨ –જુનિયર કલાર્ક , વર્ગ– ૪ નુ મહેકમ ૧– પટાવાળા

(૩) તાલુકા કક્ષાએ વિ.અધિ. સહકાર – ની કુલ જગ્યા –૧૧ છે. તે પૈકી ૮ –જગ્યા ભરેલી છે. અને ૩– જગ્યા ખાલી છે.

**<u>૨(૮) જાહેર તંત્રની અસરકર્તા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસે થી અપેક્ષાઓ.</u>**

(૧) સ.મ. નુ સંચાલન મા સહકારી કાયદા–કાનુન અને પેટાનિયમ નુ પાલન કરે તે ઈચ્છનિય છે.

(૨) સહકારી સંસ્થા ના હોદ્દેદારો ની સેવાની ભાવના વધુ અસરકારક બને તે ઈચ્છનીય છે.

(૩) સહકારી સંસ્થાઓની નિયમીતતા જરુરી છે.

(૪) સહકારી સંસ્થાઓના હોદ્દેદારો તરફ થી બીનજરુરી રીતે લેવામા આવતો નામ. કોર્ટનો આસરો ઈચ્છનીય નથી.

(૫) જિ.પં. ના ચુંટાયેલ પ્રતિનિધિઓ કાયદા કાનુન ની જોગવાઈઓ થી વાકેફ થઈ ને કામ કરે તે ઈચ્છનિય છે.

(૬) સહકારી કાયદા અને નિયમો ની બાબતો જિલ્લા વિકાસ અધિકારી કક્ષાએ રહેવીજોઈએ.

(૭) બીનજરુરી અરજીઓ અને નનામી અરજીઓ નીવારવી

(૮) સહકારી પ્રવૃતિ ની સાચીસમજ માટે સેમીનાર અને શિબીરો નુ આયોજન

(૯) સહકારી મંડળીઓ ને સફળ બનાવવા માટે તેના સભ્યો પ્રમાણિક હોવા જોઈએ.તેમને સહકાર મા રહેલા ગુણ ની જાણ હોવી જોઈએ અને તેનો અભિગમ સહકારી સંસ્થા ની નિશ્ચિત પ્રગતિ નો હોવોજોઈએ.

**<u>૨(૯) લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ</u>**

(૧) કામ તથા જોગવાઈ ઓ ની મર્યાદા મા પ્રશ્નો ના ઝડપી નીકાલ માટેની અભિરુચિ કેળવવી.

(૨) સભાસદ અને સહકારી સંસ્થાઓ વચ્ચે વિશ્વાસ નો હેતુજળવાઈ રહે અને સહકારી સંસ્થાઓ વચ્ચે હરીફાઈ ને બદલે સંઘ ભાવના કેળવાઈ તે ઈચ્છનીય છે.

(૩) સંસ્થાનો અને સભાસદો નોવિકાસ થાય તે માટે ચુંટાયેલા પ્રતિનિધિઓ એ પારદર્શક વહીવટ કરવો જરુરી છે.

(૪) સમાજ પરત્વે હોદ્દેદારો / સભાસદો નો અને સહકારી સંસ્થાઓનો ઉતરદાઈત્વ પ્રમાણિકતા પુર્વક કેળવાઈ તે જરુરી છે.

(૫) સહકારી સંસ્થાઓ પ્રત્યે લોકો નો વિશ્વાસ કેળવાવો જોઈએ.

**<u>૨(૧૦) સેવા આપવાના દેખરેખ,નિયંત્રણ અને જાહેર ફરીયાદ ના નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર</u>**

કાયદા અને નિયમો ની જોગવાઈઓ ની બાબતો ની સબંધિત ઓથોરીટી ને અપીલ ની જોગવાઈ છે.

જિલ્લા કક્ષાએ માન. જિ.વિ.અધિ. સાહેબ તેમજ જીલ્લા રજી. શ્રી ની કચેરી એ ફરીયાદ કરી શકાય છે.

**<u>૨(૧૧) મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરો એ આવેલી અન્ય કચેરીઓ ના સરનામા</u>**

**<u>રાજય કક્ષાએ : –</u>** રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજય ગાંધીનગર.
ડો. જીવરાજ મહેતા ભવન બ્લોક નં. ૧૦ જુના સચિવાલય

**જિલ્લા કક્ષાએ :–** **(૧)** જિલ્લા પંચાયત ભાવનગર બળવંતરાય મહેતા ભવન, મોતીબાગ,ભાવનગર.
(૨) જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ બહુમાળી ભવન
રુમ નં. એસ. ૧૩ બીજામાળે ભાવનગર.
(૩) મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી ઓ
જિલ્લા પંચાયત કચેરી મોતીબાગ ભાવનગર.

**તાલુકા કક્ષાએ :–** તાલુકા વિકાસ અધિકારી (સબંધિત ૧૧ તાલકા )
તાલુકા પંચાયત
(વિસ્તરણ અધિકારી સહકાર )

**પ્રકરણ – ૩ (નિયમ સંગ્રહ – ૨ )**

**<u>અધિકારી ઓ અને કર્મચારી ઓ ની સતા અને ફરજો :–</u>**

<u>સતાઓ :–</u> વહીવટીઃ–(૧) તા. ૧૭/૪/૦૨ ના કૃષિ અને સહકાર વિભાગ ના જાહેરનામા ક્રમાંક–જીએચ કેએચ/૧૬/૨૦૦૩ એનએસબી–૧૨–૨૦૦૨–૩૦/૧૧–સીએચ ની જોગવાઈ અંર્તગત સુપ્રત થયેલ કાયદાકિય સતાઓ અન્વયે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ તથા ગુજરાત સહકારી મંડળીઓ ના નિયમો ૧૯૬૫ અન્વયે (જિલ્લા પંચાયત ના કાર્યક્ષેત્ર મા આવતી સહકારી કાયદા ની કલમો પુરતુ)

(૨) તાલુકા કક્ષાએ વિ.અધિ.સહકાર ની કામગીરી /નિયંત્રણ અને દેખરેખ અન પ્રવાસનોંધ મંજુર કરવી.

નાંણાકિય :– (૧) ગુજરાત નાંણાકિય નિયમો ૧૯૭૧ અન્વયે કચેરી ના નિયંત્રણ નીચેના મહેકમના પગાર ચુકવણી પ્રવાસ ભથ્થાબીલ તથા કન્ટીજન્સી બીલ મંજુર કરવા

(૨) સરકારી દસ્તાવેજ ની નકલ ની માંગણી થયેથી નિયમાનુસાર ની નકલ ફી સ્વીકારવી. અને માન. ડી.ડી.ઓ.પી.એલ.એ. મા જમા કરાવવી

અન્ય :– (૧) નિયંત્રણ નીચેના મહેકમ ના ખાનગી અહેવાલો લખવા તથા સમીક્ષા કરવાની સતાઓ

(૨) વખતો વખત ની સ્થાઈ સુચના અનુસાર નિયંત્રણ નીચેના મહેકમ ની જુદા જુદા પ્રકાર ની રજા મંજુરી પગાર બાંધણી ઈજાફા મંજુર કરવા અંગેની સતા

(૩) સહકાર ને લગતા દસ્તાવેજ ની નિયમાનુસાર માંગણી થયેથી પ્રમાણીત નકલો પુરી પાડવા અંગે ની સતા

(૪)ન્યાય ને જુદી જુદી કોર્ટ મા કચેરી ને પક્ષકાર તરીકે જોડવામા આવતા પક્ષકારની રુઈએ સરકાર શ્રી તરીકે જિલ્લા પંચાયત તરફ બચાવ કરવાની સતા જિ.વિ.અધિ. શ્રી ની મંજુરી થી

ફરજો :– ઉપર ની વિગતે કાયદાકીય/નાંણાકિય અને અન્ય અધિકાર ની રુઈએ કરવાની થતી કામગીરી

**<u>પ્રકરણ :– ૪ (નિયમ સંગ્રહ – ૩ )</u>**

**<u>કાર્યો કરવા માટેના નિયમો , વિ નિયમો , સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરો</u>**

૪ (૧) જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળ ના અધિકારીઓ અને કર્મચારીઓ એ ઉપયોગ કરવાના નિયમો,વિ નિયમો,સુચનાઓ અને દફતરો ની યાદી નીચેના નમુના મુજબ આપો (આ નમુનો દરેક પ્રકાર ના દસ્તાવેજ માટે ભરવાનો છે)

| દસ્તાવેજ નુ નામ મથાળુ | દસ્તાવેજ નો પ્રકાર | દસ્તાવેજ પર નુ ટુંકુ લખાણ | વ્યકિતઓ ને નિયમો/વિનિયમો/સુચનાઓ અને દફતરો ની નકલ અહીથી મળશે. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧)ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ | સહકારી કાયદો | ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ | ગર્વમેન્ટ સેન્ટ્રલ પ્રેસ ગાંધીનગર અને રાજય ના જુદા જુદા શહેરો ના અધિકૃત વેચાણકેન્દ્ર ઉપરભાવનગર ખાતે સરકારી પુસ્તક ભંડાર હલુરીયા ચોક ભાવનગર |
| (૨) ગુજરાત સહકારી મંડળીઓ ના નિયમો ૧૯૬૫ | સહકારી કાનુન નિયમો | ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ | –"– |
| (૩) ગુજરાત નાંણાકિય નિયમો | – | – | – |

## પ્રકરણ :– ૫ (નિયમ સંગ્રહ –૪ )

**નીતી ઘડતર અથવા નિતિ ના અમલ સબંધી જનતાના સભ્ય સાથે સલાહ પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોયતો તેની વિગત**

**નિતિ ઘડતર :–**

૫(૧) – શુંનિતિ ઓ ના ઘડતર માટે જનતા ની અથવા તેના પ્રતિનિધિઓની સલાહ/પરામર્શ/સહભાગીતા મેળવવા માટેની કોઈ જોગવાઈ છે? જો હોયતો નીચેના નમુના મા આવી જાત ની વિગતો આપો.

| વિષય / મુદ્દો | શું જનતા ની સહભાગીતા સુનિશ્ચિત કરવાનુ જરુરી છે?(હા /ના ) | જનતા ની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|
| ૨ | ૩ | ૪ |
| સહકારી મંડળીઓ ના વહીવટ અંગે | હા | (૧) રાજય કક્ષાએ રાજય સહકારી કાઉન્સીલ<br>(૨)જિલ્લા કક્ષાએ પ્રમુખ શ્રી જિ.પં. ચેરમેન શ્રી જિ.ઉત્પા.સહકાર સમિતિ |

આનાથી નાગરીક ને કયા આધારે નીતી વિષયક બાબતો મા ઘડતર અને અમલ મા જનતા ની સહભાગીતા નકિક કરાય છે. તે સમજવામા મદદ થશે.

નીતીઓ નો અમલ :–

૫(૨) શું નીતી ઓ ના અમલ માટે જનતા ની અથવા તેમના પ્રતિનિધિઓ ની સલાહ પરામર્શ/ સહભાગીતા મેળવવા માટેની કોઈ જોગવાઈ છે? જો હોય તો આવી જોગવાઈ ની વિગત

| અનુ. | વિષય / મુદ્દો | શું જનતા ની સહભાગીતા સુનિશ્ચિત કરવાનુ જરુરી છે?(હા /ના ) | જનતા ની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

નીતીઓ ના અમલ માટે ઉકત પેરા ૫ (૨) મા દર્શાવ્યા મુજબ ની જોગવાઈ નથી.

# <u>એનેક્ષર – એ</u>

## <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામા આવે છે.કે મારી વડી કચેરી (પ્રોપર) તથા મારા વહીવટી કાર્યક્ષેત્ર ના આ સાથેના યાદી મુજબ ના જાહેર સતામંડળો દવારા માહીતી અધિકાર અધિકિાર અધિનિયમ ની કલમ –૪ અતંર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રોએકટીવ ડીસ્કલોજર ) (P.A.D.) તૈયાર કરવામા આવી છે. તા. ૧/૫/૧૪ ની સ્થિતીએ અદ્યતન કરવામાં આવેલ છે.જેનુ અમારા દવારા માહે મે–૧૪ દરમ્યાન ઈન્સ્પેકશન–કમ ઓડીટ કરવામા આવ્યુ છે. અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર તો અપુરતી વિગતો જણાઈ હતી તેની પુર્તતા કરવામા આવી છે.

૨– તા. ૩૧/૫/૨૦૧૪ ની સ્થિતીએ હવે કોઈ જાહેર સતામંડળો ના પ્રોએકટીવ ડીસ્કલોજર (P.A.D.) નુ ઈન્સ્પેકશન–કમ ઓડીટ બાકી રહેલ નથી.

તા.    /    /૨૦૧૪

જાહેર માહિતી અધિકારી અને
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
જિલ્લા પંચાયત–ભાવનગર

જિલ્લા પંચાયત ખાતે નાગરીક સુવિધા કેન્દ્ર મા નાગરીકો ને બેસવાની,બેસી ને લખવાની તથા પાણી પીવા ની વિગેરે સવલતો ઉપલબ્ધ છે.

<u>મુદ્દા નં. ૧૬</u>

જાહેર તંત્ર ના સહકારી માહીતી અધિકારી ઓ મદદનીશ સહકારી માહીતી અધિકારી ઓ અને વિભાગીય કાયદાકીય (એપેલેટ) સતાધિકારી વિષે ની સંપર્ક માહીતી નીચેના નમુના મા સામેલ છે.

**<u>જાહેર માહીતી અધિકારી</u>**

| અનુ. | નામ | હોદ્દો | એસ.ટી.ડી કોડ | ફોન નંબર કચેરી | ફોન નં. ઘર/મોબા. | ફેકસ | ઈમેઈલ | સરનામુ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ડી.ડી.દેસાઈ | ઈન્ચાર્જ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર | ૦૨૭૮ | ૨૪૩૯૯૫૧થી ૫૮ પી.બી.એકસ નં.૧૫૯ | ૯૯૯૮૨૩૯૫૬૧ | – | – | બ્લોક નં.૫૫ રેખા સોસાયટી, સીદસર રોડ ,ભાવનગર |

**અપીલ અધિકારી**

| અનુ. | નામ | હોદ્દો | એસ.ટી.ડી કોડ | ફોન નંબર કચેરી | ફોન નં. ઘર/મોબા. | ફેકસ | ઈમેઈલ | સરનામુ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી એચ.આર. સુથાર | જિલ્લા વિકાસ. અધિકારી | ૦૨૭૮ | ૨૪૨૬૮૧૦ | ૨૫૬૫૯૫૫ | ૨૪૩૦૨૯૫ | – | વિકાસ બંગલો વાઘાવાડી રોડ ભાવનગર |

<u>મુદ્દા નં. ૧૭</u>

ઠરાવવામા આવે તેવી બીજી માહીતીઃ–

ઠરાવવામા આવે તેવી માહીતી પ્રસિધ્ધ કરવામા આવશે. તથા ઉપર ૧થી૧ ૬મુદ્દા ઓ મા દર્શાવેલ માહીતી દર વર્ષે અદ્યતન કરવામા આવશે.

મદદનિશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
જિલ્લાપંચાયત–ભાવનગર

### તેના અધિકારી ઓ ના અને કર્મચારી ઓ ની માહીતી પુસ્તિકા

### તેના વિનિયમો મા જોગવાઈ કર્યા પ્રમાણે વળતર ની પધ્ધતિ સહીત તેના દરેક અધિકારી ઓ અને કર્મચારી ઓ ને મળતા માસીક વળતર

| અનુ | નામ | હોદ્દો | એસટીડી કોડ | ફોન નંબર | | ફેકસ | ઈમેઈલ | સરનામુ | પગાર ધોરણ | માસીક મહેનતાણુ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ઓફીસ | ઘર | | | | | |
| ૧ | શ્રી ડી.ડી.દેસાઈ | ઈન્ચાર્જ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર | ૦૨૭૮ | ૨૪૩૯૯૫૧ થી ૫૮ પી.બી.એકસનં.૧૫૯ | ૯૯૯૮૨૩૯૫૬૧ | – | – | બ્લોક નં.૫૫ રેખા સોસાયટી, સીદસર રોડ ,ભાવનગર | ૯૩૦૦–૩૪૮૦૦ | ૪૬૪૬૨/– |
| ૨ | શ્રી કે.આર.પટેલ | સીની. કલાર્ક | ૦૨૭૮ | ૨૪૩૯૯૫૧ થી ૫૮ પી.બી.એકસનં.૧૫૩ | ૯૮૨૫૭૬૦૨૨૨ | – | – | કણબીવાડ , ભાવનગર | ૯૩૦૦–૩૪૮૦૦ | ૩૯૦૭૮/– |
| ૩ | શ્રી એસ.એસ. પરમાર | જુ.કલાર્ક | ૦૨૭૮ | ૨૪૩૯૯૫૧ થી ૫૮ પી.બી.એકસનં.૧૫૩ | ૯૮૭૯૦૩૭૦૭૪ | – | – | ઘોઘા સકર્લ પ્લોટ નં. ૧૨૭૦ બી. ટી.વી. કેન્દ્ર સામે ભાવનગર | ૫૨૦૦–૨૦૨૦૦ | ૧૯૮૩૪ /– |

મદદનિશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
જિલ્લા પંચાયત–ભાવનગર